ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૨/૧૯-૨૦/ ૩૪૩૪ તારીખ : 21 AUG 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી જીણાભાઈ પોપટભાઈ ડાંગર,**
માયધાર રોડ,
મુ.પીગળી, તા.તળાજા,
જી.ભાવનગર.
**મો.નં. ૭૯૮૪૦ ૮૭૨૭૬.**

કેસ નં.૪૨/૧૯-૨૦

**વિષય : નવું ખેતીવાડી વીજ કનેકશન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૬/૦૭/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૨/૧૯-૨૦/૨૭૪૪ તા.૧૭/૦૭/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૨/૧૯-૨૦/૩૧૩૪ તા.૦૭/૦૮/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૦/૦૮/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **પાલીતાણા ગ્રામ્ય.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર - ૪૨/૧૯-૨૦ ☜

વાદી :- શ્રી જીણાભાઈ પોપટભાઈ ડાંગર

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ- ૨૦.૦૮.૨૦૧૯ ◈

હાજર રહયા :- શ્રી જગાભાઈ જીણાભાઈ ડાંગર – (વાદીનાં પુત્ર)

પ્રતિવાદી :- શ્રી જે. એસ.. પરમાર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી જીણાભાઈ પોપટભાઈ ડાંગર, મુ.પીગળી, તા.તળાજા, જી.ભાવનગરની નવું ખેતીવાડી કનેકશન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૨/૧૯-૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૪૨/૧૯-૨૦/૨૭૪૪ તા.૧૭.૦૭.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૦.૦૮.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી તેમનાં પુત્ર શ્રી જગાભાઈ જીણાભાઈ ડાંગર હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી જે. એસ પરમાર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોએ સર્વે નં.૧૫૯ માં ખેતીવાડી વીજ કનેકશન માટે અરજી કરેલ. જેના અંતર્ગત અમોને મળેલ F.Q. ની છેલ્લી તા.૨૩.૦૩.૧૮ હતી પરંતુ ઘરની આર્થિક સ્થિતી નબળી તેમજ દવાખાનાના ખર્ચનાં કારણે અમો F.Q. ની રકમ સમયસર ભરી ન શકયા.

૧.૨ ત્યારબાદ ટાઈમ લીમીટ માટે સ.ડી.ને અરજી કરી વારંવાર પુછતાછ કરેલ પરંતુ મને વારંવાર એવું જ કહેવામાં આવેલ કે ટાઈમલીમીટ આવી જશે એટલે તમને બોલાવીશું. પરંતુ મને ઓફીસ દવારા કોઈ જાણ ન કરાતાં તા.૧૦.૧૦.૧૮ ના રોજ સ.ડી. ઓફીસે શ્રી વાંગલ સાહેબને મળતા તેમણે કે બારીએ F.Q. ભરવા માટે જણાવેલ પરંતુ કેશીયર દવારા જાણવા મળેલ કે F.Q. ભરવાની ટાઈમ લીમીટ પુર્ણ થઈ ગયેલ છે.

P.G.V.C.L. Bhavnagar. Consumer Grievance Redressal Forum

૨...

૧.૩ F.Q. ભરવાની છેલ્લી તારીખ ૨૦.૦૮.૧૮ હતી પરંતુ મને તા.૦૬.૧૦.૧૮ ના રોજ F.Q. મળેલ તેમ છતાં મે વારંવાર ઓફીસનાં સંપર્કમાં રહેતા મને આખરી તા.૧૧.૦૭.૧૯ ના રોજ લેટર દવારા જાણ કરવામાં આવી કે આપને કનેકશન નહી મળી શકે. અમોને કનેકશન મળે તે માટે યોગ્ય ન્યાય કરવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદીશ્રી જીણાભાઈ પોપટભાઈ ડાંગર ગામ–પીગળી, સર્વે નં.૧૫૯ માં ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૩૦.૦૧.૨૦૧૪ ના રોજ રૂ.૨૦૦/– પહોંચ નં. YI ૩૮૭૦૩૪ થી વારામાં લેવા માટે નોંધણી કરાવેલ હતી.

૨.૨ સદર નોંધણી થયા બાદ અરજદારનો ક્રમાનુસાર વારો આવતાં તેઓને વીજજોડાણ આપવા માટે પેટા વિભાગીય કચેરીએ જરૂરી સર્વે કરી, તેઓને તા.૨૨.૦૨.૨૦૧૮ ના રોજ પત્ર નં. PRS/ESTA/TECH/BILLING/2342 તા.૨૨.૦૨.૨૦૧૮ થી રૂ.૭૮૫૩/– નું અંદાજપત્ર રજી.એડી થી આપવામાં આવેલ, જે અંદાજપત્રની નાણા ભરવાની છેલ્લી તા.૨૩.૦૩.૨૦૧૮ હતી. સદર રજી.એડીની સ્લીપ આ સાથે જોડેલ છે.

૨.૩ પરંતુ અરજદાર દવારા સદર અંદાજપત્ર નિયત સમયમર્યાદામાં ભરવામાં આવેલ નથી.

૨.૪ ત્યારબાદ અરજદાર દવારા સદર અંદાજપત્રની સમયમર્યાદા વધારવા માટે ઈન્વર્ડ નં.૮૩૯ તા.૦૬..૦૮.૨૦૧૮ થી અરજી કરવામાં આવેલ છે.

૨.૫ વાદીશ્રીની સમયમર્યાદા વધારાની અરજી અનુસંધાને પાલીતાણા (ગ્રામ્ય) પેટા વિભાગીય કચેરી દવારા તા.૦૬.૦૮.૨૦૧૮ ના રોજ ઉપલી કચેરીને ૨૧૦ દિવસની સમયમર્યાદા વધારવા માટે માંગણી કરવામાં આવેલ. જેની મંજુરી મળેલ અને તે મુજબ વાદીને નવું અંદાજપત્ર તા.૦૩.૧૦.૨૦૧૮ ના રોજ પત્ર નં.PRS/ESTA/TECH/BILLING/૮૫૩૪ થી રજીસ્ટર એ.ડી. થી પાઠવવામાં આવેલ અને ઈ–ઉર્જા રીપોર્ટ મુજબ અંદાજપત્ર ભરવાની છેલ્લી તા.૨૩.૧૦.૨૦૧૮ ની હતી પરંતુ અંદાજપત્રમાં ઈ–ઉર્જા સીસ્ટમની એરરના કારણે છેલ્લી તા.૨૦.૦૮.૨૦૧૮ અંદાજપત્રમાં જોવા મળેલ.

૨.૬ વાદીની રજુઆત છે કે તેમને તા.૦૬.૧૦.૨૦૧૮ ના રોજ અંદાજપત્ર મળેલ છે અને જેમાં અંદાજપત્ર ભરવાની છેલ્લી તા.૨૦.૦૮.૨૦૧૮ હતી.

૨.૭ આમ, અંદાજપત્ર ભરવાની છેલ્લી તા.૨૦.૦૮.૨૦૧૮ હતી. જેના અનુસંધાને વાદીશ્રી દવારા પાલીતાણા (ગ્રામ્ય) પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેરશ્રી કે કોઈ અધિકારીનો છેલ્લી તારીખ અંગે પુછપરછ કરેલ નહી અને અંદાજપત્ર ભરવા માટે આવેલ નથી જેના કારણે અંદાજપત્ર ભરપાઈ થઈ શકેલ નહી.

૨.૮ આમ, સદર અરજદારે સમયમર્યાદામાં નાણા ભરપાઈ કરેલ નહી જેથી અરજદારની ખેતીવાડી વીજજોડાણ માટે કરેલ તા.૩૦.૦૧.૨૦૧૪ ની અરજી નાણા ન ભરપાઈ થવાના કારણે પીજીવીસીએલ કંપનીના નિયમોનુસાર રદ કરેલ છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર જીણાભાઈ પોપટભાઈ ડાંગર એ ગામ–પીગળી, સર્વે નં.૧૫૯ માં તા.૩૦.૦૧.૨૦૧૪ ના રોજ નવા ખેતીવાડી વીજજોડાણ માટે અરજી નોંધણી કરાવેલ, પ્રતિવાદી તરફથી તા.૨૨.૦૨.૨૦૧૮ ના રોજ વાદીને નવા ખેતીવાડી વીજજોડાણ માટેનું અંદાજપત્ર આપેલ જેની ભરપાઈ કરવાની છેલ્લી તા.૨૩.૦૩.૧૮ હતી.

૩.૨ વાદીએ તેઓને આપેલ અંદાજપત્રની સમયમર્યાદા વધારવા માટે પ્રતિવાદીને અરજી કરેલ. જેને ધ્યાનમાં રાખી પ્રતિવાદીએ ૨૧૦ દિવસની સમયમર્યાદા વધારી તા.૦૩.૧૦.૧૮ ના રોજ નવું અંદાજપત્ર પાઠવેલ, જે અંદાજપત્ર ભરવાની છેલ્લી તારીખ અંદાજપત્રમાં જણાવ્યા મુજબ તા.૨૦.૦૮.૧૮ હતી.

૩.૩ તારણ નં.૩.૨ મુજબ વાદીને તા.૦૩.૧૦.૧૮ ના રોજ આપેલ અંદાજપત્ર, તેની પાછળની તા.૨૦.૦૮.૧૮ સુધીમાં ભરપાઈ કરવાની છેલ્લી તારીખ હોય જે વિસંગતતા ને કારણે જયારે વાદી પ્રતિવાદીની કચેરીમાં અંદાજપત્ર ભરવા ગયેલ ત્યારે પ્રતિવાદીનાં કર્મચારીએ અંદાજપત્ર સ્વિકારેલ નહી આથી વાદી અંદાજપત્ર ભરી શકેલ નહી.

૩.૪ તારણ નં.૩.૩ મુજબ વાદીને આપવામાં આવેલ નવું અંદાજપત્રમાં ભરપાઈ કરવાની છેલ્લી તારીખ પાછળની તારીખ હોય, હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ વાદીને નવું અંદાજપત્ર આપવું, જે ભરપાઈ કર્યેથી પ્રતિવાદીએ નિયમ મુજબ કાર્યવાહી કરવી.

## <u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એમ. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૨૦.૦૮.૨૦૧૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.